# <u>Bi 121 OLD TESTAMENT</u>

## <u>પાઠ-૨૦ પ્રથમ સાત મહામારી (નિર્ગમન ૬-૯)</u>

મોટાભાગનાં લોકો સારી હરીફાઈનો આનંદ માણે છે. રમતગમતમાં આપણી ટીમ માટે આપણે આનંદની ચીચીયારીઓ પાડીએ છીએ. રાજકારણીય હરીફાઈ વધુ ધ્યાન કેન્દ્રીત કરવા વાળી ગંભીર અને તેની અસર લાંબો સમય સુધી રહે છે. આવનારા બે પાઠોમાં તમે ધાર્મિક કહેવાતી હરીફાઈ કે જે ચોકકસ મહત્વતા ધરાવતી હતી તે વિશે શીખશું. જેને ઘણી વખત 'શકિત પ્રદર્શન' તરીકે ઓળખવમાં આવે છે. પ્રશ્ન આ છે. કોની પાસે વધુ સામર્થ્ય છે ? અને કોણ સાચો ઈશ્વર છે. આ હરિફાઈમાં ફારૂન, જાદુગરો અને મિસરના ખોટા દેવની આરાધના કરનારા પુજારીઓ મુસાની, હારૂનની તથા એક માત્ર સાચા દેવ યહોવાની વિરૂધ્ધ ઉભા થયા. ઈસ્રાએલીઓ તેને સર્વ સામર્થી ઈશ્વર તરીકે જાણતા હતા. પરંતુ હવે દેવ પોતાની જાતને 'હું છું ', તારનાર તરીકે ઓળખાવવાનું પસંદ કર્યું. આ હરિફાઈમાં ફારૂન રાજા દેવની વિરુધ્ધમાં પોતાનું હૃદય કઠણ કરે છે અને દેવનાં સેવકોની વાતને ઠુકરાવે છે. આથી દેવે તેને પોતાની પસંદગી કરવા દીધી.

સિનાઈથી મિસર સુધી મુસાફરી કર્યા બાદ હારૂન ઈસ્રાએલીઓનાં વડીલો સમક્ષ ઉભો રહયો અને કહયું કે, ''દેવે તમારો કષ્ટ જોયો છે અને તમારી નોંધ લેવામાં આવી છે.'' મુસાને જે ચિહનો દેવે દર્શાવ્યા તે તેઓએ તેમને દેખાડયા. ઈસ્રાએલનાં વડીલોએ જે સાંભળ્યું તથા જોયુ તેથી તેઓ બહુ આશ્ચર્ય ચકિત બન્યા. તેઓએ મુસા તથા હારૂનની વાતી માની અને માથુ નમાવી દેવનું ભજન કર્યુ. (નિર્ગમન ૪:૩૧). પછી મુસા તથા હારૂન ફારૂનની સામે જઈને ઉભા રહયા. અને કહયું, ''ઈસ્રાએલનો દેવ યહોવા આ પમાણે કહે છે. ''મારા લોકોને ત્રણ દિવસનાં અંતર સુધી અરણ્યમાં મારી આરાધના કરવા સારુ જવા દે.'' પરંતુ ફારૂન રાજાએ પોતાનું હૃદય કઠણ કર્યુ.''અને જવાબ આપ્યો હિબ્રૂઓનો દેવ પોતાનાં મનમાં શું ધારે છે ? અને મારે શું કરવું તે વિશે મને જણાવે છે ? હું તેને ઓળખતો નથી. અને નિશ્ચય હું મારા ગુલામોને અરણ્યમાં જવા દઈશ નહિ. મિસરીઓ તો ઘણા દેવોને માનતા અને શકય તેટલા દેવોને ખુશ રાખવાનો પ્રયત્ન કરતા કે જેથી આવનારા ભયથી તેઓ બચી જાય. ફારૂન રાજાએ ગુસ્સામાં આવીને ગુલામોને ઈંટો બનાવવા માટે આપવામાં આવતુ પરાળ પણ બંધ કર્યુ. તેઓએ પરાળ શોધીને લાવવું પડતુ અને તો પણ ઠરાવેલી સંખ્યા પ્રમાણે દરરોજની ઈંટો પાડવા તેઓ મજબુર બન્યા. આથી ઈસ્રાએલીઓએ ખુબ કડવાહટ ભરી રીતે મુસા તથા હારૂનની વિરૂધ્ધ ફરીયાદ કરી કેમકે, તેઓનું જીવન વધારે મુશ્કેલ બન્યું હતુ.

મુસા આ ફરીયાદને દેવ પાસે લાવે છે કે જેણે કહયું હતું કે, ''મુસા તું જોશે કે ફારૂનને હું શું કરવાનો છું. મારા બળવાન હાથોથી તે તમને જવા દેશે. લોકોને કહે કે હું તમારો દેવ 'હું જે છું તે છું'. મેં તેઓનો પોંકાર સાંભળ્યો છે. અને તેઓ સાથે કરેલા કરારને મેં તાજો કર્યો છે. ઈબ્રાહિમ, ઈસહાક તથા યાકુબને આપેલા વચન મુજબ હું તેઓને વચનનાં દેશમાં લાવીશ. જાં અને ઈસ્રાએલીઓને કહે, હું યહોવા છું અને મિસરીઓની વેઠ તળેથી હું તમને કાઢીશ અને હું તેમની ગુલામી માંથી તમને મુકત કરીશ ને મહાન કૃત્યો વડે હું તમને છોડાવીશ. (નિર્ગમન ૬:૬). મુસાએ ઈસ્રાએલ પુત્રોને એમ કહયું પણ મનની વેદના તથા ઘાતકી ગુલામીના કારણથી તેઓએ મુસાનું સાભળ્યું નહિ.

પછી દેવે મુસાને ફરી ફારૂન પાસે ઈસ્રાએલીઓને છોડાવવા સારુ જવા કહયું. પણ મુસાએ જવાબ આપ્યો. હું તેને માટે યોગ્ય નથી. જો ઈસ્રાએલીઓએ મારુ સાંભળ્યુ નહિ તો ફારૂન કેમ કરીને સાંભળશે. અને દેવે કહયું, ''મુસા તું જા અને જે શબ્દો હું તને આપુ તે તુ બોલ.''

જયારે મુસા ૮૦ વર્ષનો અને હારૂન ૮૩ વર્ષનાં હતા ત્યારે તેઓ ફારૂન સમક્ષ ઉભા રહયા અને  ઈસ્રાએલ પુત્રોને તેમનાં દેવને ભજવા સારુ જવા દેવા માટે ફારૂનને જણાવ્યું. જયારે ફારૂને કોઈ ચિહન માંગ્યુ ત્યારે હારૂને તે લાકડી ભૂમિ પર નાંખી અને તે સાંપ બની ગઈ. અને ફારૂનનાં દરબારનાં જાદુગરોએ તથા મંત્રતંત્ર જાણનારા લોકોએ પણ પોતાની લાકડી જમીન પર ફેંકી અને તે સાંપ થઈ ગઈ. ત્યારે હારૂનની લાકડી બીજા દરેક સર્પોને ગળી ગઈ તો પણ ફારૂને સાંભળ્યું નહિ.

ત્યારે દેવે મુસા તથા હારૂનને વહેલી સવારે જયારે ફારૂન નાઈલ નદીનાં ઘાટ પર જાય ત્યારે મળવા કહયું. મિસરીઓ નાઈલ નદીનાં પાણીને જીવન ટકાવી રાખનારા પાણી

તરીકે માનતા અને તેને 'હોપી દેવ' તરીકે ઓળખતા. અને મુસાએ તેને કહયું કે, ''ત

ઈસ્રાએલી લોકોને છોડવાની મના કરી છે તેથી મિસરનાં પાણી રકત થઈ જશે. તેમાંથી માછલીઓ મરી જશે અને પાણી પીવા લાયક નહિ રહે. હારૂને પોતાની લાકડી નદી પર મારી અને તે પાણી લોહી બન્યા. નદીઓ તથા તળાવો કે ડોલમાંના પાણી કે અન્ય વાસણોનાં પાણી લોહી થઈ ગયા. ફારૂનનાં દરબારનાં જાદુગરોએ પણ પાણીનું લોહી બનાવી આપ્યુ. તેથી ફારૂને મુસા તથા હારૂનનું સાભળ્યું નહિ. આથી મિસરના લોકોએ પાણી પીવા સારુ કુવા ખોદયા.

સાત દિવસ પછી મુસાએ ફારૂનને કહયું કે, ''દેવ કહે છે મારા લોકને મારી સેવા કરવા જવા દે. જો તું મના કરશે તો હું તારા દેશ પર દેડકાઓનો માર લાવીશ.'' હવે મિસરમાં તો દેડકાની પણ પુજા થતી હતી. હારૂને પોતાની લાકડી લંબાવી અને નદીઓમાંથી દેડકાઓ

બહાર આવવા લાગ્યા ત્યારે જાદુગરોએ પણ તેમ કરી બતાવ્યું. તાત્કાલીક તમામ જમીન દેડકાઓથી ઢંકાઈ ગઈ. તેણે તેઓના ઘરોને ભરી દીધા. તેઓનાં ખોરાકમાં તેમજ તેઓની પથારીમાં પણ દેડકાઓ આવ્યા. ત્યારે ફારૂને મુસાને કહયું, "મેં મારુ મન બદલાવ્યું છે. તારા લોકો અરણ્યમાં તેમનાં દેવને ભજવા માટે જઈ શકશે. પણ તમારા દેવને પ્રાર્થના કરો કે આ દેડકાઓ અહિથી દુર થાય." અને મુસાએ યહોવાને વિનંતી કરી તેથી દેડકાઓ ઘરોમાં, વાડાઓમાં તથા ખેતરોમાં મરી ગયા. તેઓએ તેમનાં ઢગલા કાર્યા અને દેશમા દુર્ગંધ છવાઈ ગઈ. પરંતુ જેમ દેવ કહયું હતુ તેમ ફારૂને પોતાનું મન બદલાવ્યું અને લોકોને જવા દેવાની મનાઈ ફરમાવી.
અને ફરી હારૂને પોતાની લાકડી ધુળ પર મારી અને ધુળ જૂ માં ફેરવાઈ ગઈ. ત્વરીત મિસરમાંના તમામ લોકો તથા પ્રાણીઓને જૂ પડી. આ વખતે ફારૂનના જાદુગરોતેમ કરી શકયા નહિ તેઓએ ફારૂનને કહયું, "આમાં તો દેવનો હાથ છે" તો પણ તેમણે તેઓનું સાંભળ્યું નહિ. ફારૂને ફરીથી ચેતવણી મળ્યા પછી પણ દેવે ચોથી આપત્તિ આણી અને માખીઓએ આવીને આખા દેશને ભરી દીધો. પરંતુ મિસરનાં એ ભાગ પર માખીઓ ન હતી કેજયાં હિબ્રૂ લોકો રહેતા હતા. ફારૂને લોકોને જવા દેવા સંમતિ આપી. મુસાએ વચન આપ્યુ કે માખીઓ બીજા દિવસે જતી રહેશે પણ સાથે ચેતવણી આપા કે હવેથી તારુ મન બદલીશમાં. તો પણ ફારૂને તેમ કર્યુ. જેવી માખીઓ દુર થઈ કે તેણે લોકોને જવા દીધા નહિ. અને દેવે મિસરીઓ ઉપર પાંચમી આપત્તિ આણી. મિસરીઓનાં ઢોરઢાંક તથા પશુઓ, ઘોડા, ગધેડા, ઉંટો બધા પર મરકી આવી. અને તેઓ માર્યા ગયા. હવે મિસરીઓ તો ગાય તેમજ પશુઓના આરાધના કરે છે. મિસરીઓનાં ઢોરઢાંકમાંના ઘણાં મર્યા પરંત, ઈસ્રાએલી લોકોનું એક પણ ઢોર મર્યુ ન હતુ. આ તો મિસરે ભોગવેલુ મોટુ નુકસાન હતુ. તો પણ ફારૂન નમ્ર બન્યો નહિ. આથી દેવે મુસા તથા ફારૂનને પોતાનાં હાથમાં રાખ લઈને તેને ફારૂનની હુજુરમાં હવામાં ઉડાડવાનું કહયું. અને તે બારીક ભૂકા રૂપે આખા મિસરમાં પ્રસરી ગઈ. તેથી મિસરીઓ તથા તેઓનાં ઢોરઢાંક તથા પશુઓને ગુમડાં થયા. ગુમડાંનાં કારણથી જાદુગરો પણ ફારૂનની સમક્ષ ઉભા રહી શકયા નહિ. તો પણ ફારૂન ગુસ્સે થયો અને પોતાનું હૃદય કઠણ કરતા તેણે મુસાનું સાભળ્યું નહિ.

થોડા વખત પછી દેવ તરફથી ખાસ સંદેશો લઈને મુસા ફારૂન પાસે ગયો. તેણે કહયું, " આ સમય સુધી મેં મારો હાથ તારી વિરૂધ્ધ થવાથી બચાવ્યો છે. મેં તને પૃથ્વી પરથી નાશ કર્યો હોત. મેં તને એ હેતુથી રહેવા દીધો છે કે જેથી મારા નામનાં મહાન ચમત્કારો પૃથ્વીમાં પ્રગટ થાય. આવતી કાલે આ સમયે હું એવા ભારે કરા વરસાવીશ કે જેથી જે માણસો કે ઢોર ખેતરમાં હશે અને ઘરમાં નહિ હોય કે તેઓ પર છાપરું નહિ હોય તે પ્રત્યેક પર કરા પડશે અને તેઓ મરી જશે. (નિર્ગમન ૯:૧૩-૧૯).કેટલાક મિસરીઓએ મુસાનું માન્યુ અને તેઓ તેમનાં ઢોરઢાંક તથા તેમના ગુલામોને તેઓએ બહાર જવા દીધા નહિ. પરંતુ જે લોકોએ દેવની વાણી ગણકારી નહિ તેઓએ પોતાનાં સેવકોને તથા ઢોરને ખેતરમાં રહેવા દીધા. અને ત્યારે આખા

મિસર દેશમાં માણસો ઉપર તથા ઢોર ઉપર તથા ખેતરના પ્રત્યેક વનસ્પતિ ઉપર દેવે ગર્જના તથા કરા મોકલ્યા. અને કરા સાથે અગ્નિ ભેળસેળ હતો. અને જે સર્વ માણસો તથા પશુઓ ખેતરોમાં હતા તેઓ કરાથી મર્યા. માત્ર ગોશેન દેશ જયાં ઈસ્રાએલીઓ રહેતા હતા ત્યાં કરા પડયાં નહિ.

મુસા તથા હારૂનને ફારૂન રાજાએ ફરી બોલાવ્યા. ને કહયું, "હું જાણુ છુ કે મેં પાપ કર્યુ છે. યહોવા ન્યાયી છે અને હું તથા મારા લોક દુષ્ટ છીએ. તમારા દેવને વિનંતી કરો કે આ ભયંકર ગર્જના તથા કરા બંધ પડે અને હું તમને જવા દઈશ." મુસાએ કહયું જેવો હું નગરમાંથી નિકળીશ અને યહોવા દેવ તરફ મારા હાથ ઉંચા કરીશ અને ગર્જના બંધ પડશે અને કરા પડતા રહી જશે. તેણે જતાં જતાં ફારૂનને કહયું કે, હું જાણુ છુ કે "તું દેવથી ડરતો નથી" અને તે સાચ, હતુ. જયારે ફારૂને જોયુ કે, ગર્જના બંધ થઈ અને કરા બંધ પડયા છે ત્યારે તેણે પોતાનું હૃદય દેવ તરફ તથા તેનાં લોક તરફ હઠીલુ કર્યુ. દેવે પોતાનું સામર્થ્ય મિસરનાં તમામ જુઠ્ઠા દેવોની સામે પ્રગટ કર્યુ. એટલે સુધી કે ફારૂનનુ પણ કે જેને દેવનાં માણસ તરીકે જોવામાં આવતો હતો. તો પણ ફારૂન તથા તેનાં અધિકારીઓએ પોતાનાં હૃદયને કઠણ કર્યુ તેથી આ હરિફાઈનો અંત હજુ આવ્યો નહિ.

આ વાતનું મહત્વ એ દર્શાવે છે કે, આ લડાઈ તો દુષ્ટતાનાં લશ્કરો, કે જે ફારૂન તથા મિસરનાં દેવ દેવીઓ હતા તેની તથા ન્યાયીપણાનાં લશ્કરો, કે જેને મુસા તથા હારૂન પ્રદર્શિત કરતા હતા તેઓની વચમાં હતી. દેવ પોતાનાં લોકો દ્વારા પોતાની ઈચ્છા પ્રમાણે કાર્ય કરે છે અને તેનાં સમયમાં પોતાનાં બાળકોમાં પરિપૂર્ણ કરે છે. ફારૂન જેવા ઈશ્વરનો ભય ન રાખનારા લોકો દ્વારા પણ ઈશ્વર પોતાની ઈચ્છા પૂર્ણ કરે છે. જેવી રીતે પ્રેરિત પાઉલ પણ આ પણને યાદ દેવડાવે છે. (રોમનોને પત્ર ૯:૧૭).

આ વાર્તા દવારા એ સચ્ચાઈ સામે આવે છે કે, જેઓ દેવનાં પર તથા તેમનાં વચનો પર વિશ્વાસ કરે છે અને દેવ તેમનાં બદલે કાર્ય કરે માટે ધિરજથી રાહ જુએ છે તેઓને દેવ બંધનોમાંથી છોડાવે છે. તે પોતાનાં લોકોને પોતાનાં માટે છોડાવે છે એટલું જ નહિ પરંતુ બીજાઓ પણ દેવનાં પ્રેમ તથા સામર્થ્યને જોઈ શકે માટે તે તેઓ માટે કાર્ય કરે છે.

આ પાઠનાં પુનરાવર્તનમાં નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.

પ્ર.૧ જુદી જુદી વિપત્તિઓ લાવવા દ્વારા દેવ ફારૂન પાસેથી કયા જવાબની અપેક્ષા રાખે છે ?

(જ) (૫ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ છે કે,- સાચો દેવ કોણ છે ?- તો તમે સાચા છો.

પ્ર.ર દરેક આપત્તિ પછી ફારૂનનાં હૃદયનો પ્રતિભાવ કેવો હતો ?

(જ) (૫ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ છે કે,- તેણે દેવની વિરુધ્ધ તથા ઈસ્રાએલનાં લોકની વિરુધ્ધ પોતાનું હૃદય કઠણ કર્યુ - તો તમે સાચા છો.

પ્ર.૩ જુદી જુદી વિપત્તિઓ મોકલવા દ્વારા દેવનો મુખ્ય હેતુ શો હતો ?

(જ) (૫ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ છે કે,- જયારે આપત્તિઓ થઈ રહેશે ત્યારે પૃથ્વીનાં સર્વ રાષ્ટ્રો જાણશે કે હું દેવ છું – તો તમે સાચા છો.

તમારા મિત્રો સાથે રમત ગમતની કોઈ હરીફાઈ અથવા રાજકારણમાં બનતી ઘટનાઓ વિશે ચર્ચા કરો. મુસાની વાત આ સમય દરમિયન કરો અને જણાવો કે, મુસા દ્વારા દેવે કેવું કાર્ય કર્યુ. તે બાબત ઉપર ભાર મુકો કે મુસા માત્ર દેવને આધિન થયો કે જેને લીધે દેવે તેને મોટુ કાર્ય પરિપૂર્ણ કરવા યોગ્ય બનાવ્યો.

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યક્તિને આ બાબત કહી શકવા માટે બીજા વ્યક્તિની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુછો અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.